Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેકશન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp) 9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૧૫ ● સળંગ અંક : ૧૧૦૩ ● પ્રકાશિત તા-૧૮-૨-૨૦૨૬,બુધવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

## ગુજરાત વિધાનસભામાં દુકાન-સંસ્થા (સુધારા) બિલ પસાર

# રાજ્યમાં કામના કલાકોની મર્યાદા ૧૦ કલાક કરાઈ : મહિલાઓને નાઈટ શિફ્ટની મંજૂરી

ગાંધીનગર : ગુજરાત વિધાનસભામાં આજે મંગળવારે ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) (સુધારા) વિધેયક સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું છે. જે મુજબ હવે દૈનિક કામના કલાકોની મર્યાદા ૯થી વધારીને ૧૦ કલાક કરાઈ છે, ઓવરટાઈમ કામ કરવાની મહત્તમ મર્યાદા ત્રણ મહિનામાં કુલ ૧૨૫ કલાકથી વધારીને ૧૪૪ કલાક કરાઈ છે. અગાઉ ૧૦ કે તેથી વધારે કામદારોને બદલે હવે ૨૦ કે તેથી વધારે કામદારો ધરાવતી, દુકાનો અને સંસ્થાઓને આ કાયદો લાગુ પડશે.

વિધાનસભા ગૃહમાં શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળિયા દ્વારા રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમનું સુધારા વિધેયક આજે રજૂ કરવામાં આવ્યું હતું. જેને ગૃહના સભ્યો દ્વારા સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું. આ બિલની ચર્ચા દરમિયાન ગૃહમાં ભારે હોબાળો થયો હતો, આમ આદમી પાર્ટીના ધારાસભ્યો ગૃહની કાર્યવાહીનું લાઈવ પ્રસારણ કરવાની માગ સાથે પોસ્ટરો બતાવી વિરોધ વ્યક્ત કર્યો હતો. શ્રમ અને રોજગાર મંત્રીએ કહ્યું કે, આ સુધારાથી કાયદો લાગુ કરવાની જોગવાઈમાં અગાઉ ૧૦ કે તેથી વધારે કામદારોને બદલે હવે ૨૦ કે તેથી વધારે કામદારો ધરાવતી દુકાનો અને સંસ્થાઓને આ કાયદો લાગુ પડશે. આમ, જે દુકાનો અને સંસ્થાઓમાં ૨૦થી ઓછા શ્રમયોગીઓ—કર્મચારીઓ કામ કરતા હોય તેવી દુકાનો અને સંસ્થાઓએ આ કાયદા હેઠળ નોંધણી કરાવવી જરૂરી નથી, પરંતુ ઓનલાઈન જાણ કરવાની રહેશે. જેના પરિણામે હજારો નાના વેપારીઓ, સ્ટાર્ટ-અપ્સને આગળ વધવામાં વેગ મળશે. સંસ્થાઓના કામકાજના કલાકોમાં વધારો કરવાથી ગ્રાહક સુવિધામાં વધારો થશે. આમ, આર્થિક પ્રવૃત્તિને વેગ મળે અને દેશના આર્થિક વિકાસમાં વધારો કરવાના આશયથી આ સુધારાથી દૈનિક કામના કલાકોની મર્યાદા ૯ કલાકથી વધીને ૧૦ કલાક કરવામાં આવી છે. આ ઉપરાંત સળંગ કામના કલાકોની મર્યાદા પણ ૫ કલાકથી વધારીને ૬ કલાક કરવામાં આવી છે. 'આ ઉપરાંત ઓવરટાઈમ કામ કરવાની મહત્તમ મર્યાદા, ત્રણ મહિનામાં કુલ ૧૨૫ કલાક હતી, જે હવેના સુધારામાં વધારીને કુલ ૧૪૪ કલાક કરવામાં આવી છે. મહિલા શ્રમયોગીની સંમતિ હોય અને સંસ્થા દ્વારા મહિલાઓને આરામ માટેના રૂમ, રાત્રિ ઘોડીયાઘર, મહિલા માટેના શૌચાલય, તેમના ગૌરવ, સન્માન અને સલામતીના યોગ્ય રક્ષણ, જાતીય સતામણીથી રક્ષણ તેમજ સંસ્થાથી તેમના નિવાસ સ્થાન સુધી તેમને લાવવા-લઈ જવાની વ્યવસ્થા માલિક દ્વારા પૂરી પાડવામાં આવતી હોય એવી દુકાન અથવા સંસ્થામાં મહિલા શ્રમયોગીને રાત્રિના ૯ કલાકથી સવારના ૬ કલાક વચ્ચેના સમયમાં કામ કરવાની પરવાનગી આપી શકાશે. આમ, કામના સ્થળ પર મહિલાની ગરિમા, સુરક્ષા અને સલામતી જળવાઈ રહે તેની સંપૂર્ણ તકેદારી રાખવાની જોગવાઈ રાજ્ય સરકારે આ કાયદામાં કરી છે.' મંત્રીના જણાવ્યા મુજબ, 'કામદારોની કામની સ્થિતિમાં સુધારો કરવા, સ્ત્રીઓ માટે નોકરીની વધુ તકો ઊભી કરવા, ધંધો કરવા માટે સાનુકૂળ વાતાવરણ પૂરું પાડવા, વર્ષમાં ૩૬૫ દિવસ સંસ્થા ચલાવવાની અને સંસ્થા ખોલવાના અને બંધ કરવાના સમયની સ્વતંત્રતાનો, સ્ત્રીઓને પૂરતી સુરક્ષા અને સલામતીની જોગવાઈઓ સાથે રાતપાળી દરમિયાન કામ કરવાન પરવાનગી, ઓનલાઈન રજિસ્ટ્રેશન જેવી વિવિધ જોગવાઈ કરવામાં આવી છે.

મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી

નવા વાડજમાં ભવ્ય શુભારંભ
ચશ્મા કે ગોગલ્સનો આધુનિક શો-રૂમ
Janam OPTICS
Chashme ka adda ®
શુભારંભ નિમિત્તે ખાસ ઓફર
Rs 1199/- માં બે ફ્રેમ બ્લુ કટ ગ્લાસ સાથે...
20 થી 50 % બ્રાન્ડેડ ચશ્મા સાથે ડિસ્કાઉન્ટ
શોપ-૧, આદિત્ય આઈકોન, ત્રીશા હોસ્પીટલની ગલીમાં, મિર્ચી મેદાન, નવા વાડજ, અમદાવાદ-૧૩.
શિવ મહેતા M : 91046 96975

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગનનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેકશન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીગ કરી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે. અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-યંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા–યંત્ર–ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે, સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં, નવા વાડજ, અમદાવાદ
M: 9978274760

Dr. RAVI'S Diabetes & Endocrinology Centre
UNIT OF JIGISHA HOSPITAL
Dr. Ravi Shah
MD (Medicine),DM (Endocrinology),
MRCP UK SCE (Endocrinology)
Consultant Endocrinologist
SUPER SPECIALIST DOCTOR FOR DIABETES, THYROID, AND OBESITY
❖ Type 1 & Type 2 Diabetes In People Of All Ages
❖ Diabetes Complications Management
❖ Type 1 Diabetes, Insulin Pump & Continuous Glucose Monitoring
❖ All Types Of Thyroid Disorders
❖ Diabetes And Thyroid Problems In Children And During Pregnancy
❖ Pcos ( Polycystic Syndrome)
❖ Short Height And Pubertal Disorders In Children
DR.RAVI SHAH
MD (Medicine),DM (Endocrinology),
MRCP UK SCE (Endocrinology)
Consultant Endocrinologist
Morning: 8:30 AM to 9:30 AM
Evening: 4:00 AM to 8:00 PM
Dr. SHIKHA'S Skin Clinic
SKIN · HAIR · LASERS · AESTHETICS
UNIT OF JIGISHA HOSPITAL
Dr. Shikha Shah
MD (Gold Medalist), DNB (Gold Medalist)
MRCP UK SCE (Dermatology)
Consultant Dermatologist
Specialist in Skin and Hair Problems
☑ Skin diseases like eczema, vitiligo psoriasis, fungal infections
☑ Pimples and Acne Treatment
☑ Pigmentation / Dark Spots
☑ Laser Hair Removal
☑ Anti-aging, Peels, Botox, Fillers
☑ Hair Fall Solutions Derma Roller, PRP, GFC Treatments
☑ Pediatric skin diseases
DR.SHIKHA SHAH
MD (Gold Medalist)
DNB (Gold Medalist)
MRCP UK SCE (Dermatology)
Consultant Dermatologist
OPD Timing: Evening 5 PM to 8 PM
For Appointment : 97370 54800
Shivalik Square, 301-C, Nr. Adani CNG Station, Ramapir Thekra, Nava Vadaj, Ahmedabad, Gujarat 380013

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

### મ્યુ ચૂંટણીમાં ૬૦ વર્ષથી વધુ વયના નેતાઓને ટિકિટ નહી અપાય

# નવા ચહેરાઓને પ્રાધાન્ય અને 'નો રિપીટ થિયરી' લાગુ પડશે..!!

અમદાવાદ : રાજયમાં હવે તમામ રાજકીય પક્ષોની નજર આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પર કેન્દ્રિત થઈ ગઈ છે. ભાજપ, કોંગ્રેસ અને આપ દ્વારા પોતાના સંગઠનને મજબૂત બનાવવા માટે સક્રિય બન્યા છે. તે દરમિયાન ભાજપમાં ટિકિટ મેળવવા ઈચ્છુક દાવેદારોની દોડધામ અત્યારથી જ શરૂ થઈ ગઈ છે. અનેક નેતાઓએ પક્ષના કમલમ કાર્યાલયના ચક્કર લગાવવાનું શરૂ કરી દીધું છે. ટિકિટ માટે લોબીંગ અને આંતરિક ગતિવિધિઓ તેજ બની છે.અમદાવાદ શહેરની વાત કરીએ તો એક વિધાનસભામાં તો બે-બે ટર્મ ચુંટાયેલ મ્યુ કોર્પોરિટરો ચાર-ચાર કોર્પોરેટરોએ ધારાસભ્યોના ઝભ્ભા પકડયા હોય તેમ વૈકુંઠ પાર પાડવાની ગતિવિધિઓ તેજ કરી દીધી છે.તો કેટલાંક કોર્પોરિટરોએ તો પોતાના ગોડ ફાધરોના ત્યાં આંટાફેરા શરૂ કરી દીધા છે.

ભાજપના આંતરિક સૂત્રો અનુસાર, તાજેતરમાં થયેલ અમદાવાદ શહેર સંગઠનની નિમણુંકમાં ભાજપ દ્વારા યુવા ચહેરાઓને મોટેભાગે પ્રાધાન્ય આપવાનો પ્રયાસ કર્યો છે, ત્યારે આ વખતે સ્થાનિક સ્વરાજ્યની એટલે સ્થાનિક મ્યુ ચૂંટણીમાં પક્ષ જૂની ફોર્મ્યુલા જ અમલમાં મૂકાશે. આ ફોર્મ્યુલા મુજબ ૬૦ વર્ષથી વધુ વયના સિનિયર નેતાઓને ટિકિટ આપવામાં આવશે નહીં. ઉપરાંત, 'રિપીટ થિયરી' પણ અપનાવવામાં આવશે નહીં. એટલે કે, શહેરોમાં બે કરતાં વધુ વખત કોર્પોરિટર તરીકે ચૂંટાયેલા નેતાઓને ફરી તક આપવામાં નહીં આવે.ભાજપ દ્વારા આ વખતે નવા ચહેરાઓને પ્રાધાન્ય આપશે અને યુવા નેતૃત્વને આગળ લાવવા પ્રયત્ન કરશે. સાથે જ, ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા વ્યક્તિઓને પણ ટિકિટ આપવામાં નહીં આવે. આ રીતે ભાજપ નક્કી કરેલા માપદંડો અને નિયમોના આધારે ઉમેદવારોની પસંદગી કરશે. જેથી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડવા ઈચ્છુક દાવેદારોએ પક્ષના આ નિયમોનું પાલન કરવું ફરજિયાત બનશે.

# અમદાવાદીઓને ભેટ, સોલા સિવિલ ખાતે 'મોબાઈલ બ્લડ કલેક્શન વાન' અને 'નિયોનેટલ વેન્ટિલેટર'નું લોકાર્પણ



અમદાવાદ : ગુજરાત પ્રવાસે આવેલા કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ આજે અમદાવાદની જનતાને આરોગ્ય ક્ષેત્રે એક મહત્વની ભેટ આપી છે. અમદાવાદની GMERS મેડિકલ કોલેજ સંલગ્ન સોલા સિવિલ હોસ્પિટલ ખાતે અમિતભાઈ શાહના હસ્તે અત્યાધુનિક મોબાઈલ બ્લડ કલેક્શન વાનનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ સુવિધા કાર્યરત થવાથી અમદાવાદ અને આસપાસના વિસ્તારના દર્દીઓ માટે લોહીની ઉપલબ્ધતા વધુ સરળ બનશે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહની સાંસદ ગ્રાન્ટમાંથી ફાળવવામાં આવેલી આ મોબાઈલ બ્લડ કલેક્શન વાન આધુનિક તબીબી ટેકનોલોજીથી સજ્જ છે. સોલા સિવિલ હોસ્પિટલ, જે ઉત્તર અમદાવાદ અને હાઈવે પર થતા અકસ્માતના દર્દીઓ માટે જીવાદોરી સમાન છે, ત્યાં આ વાન આવવાથી આરોગ્ય સેવાઓને એક નવો વેગ મળશે. આ વાન માત્ર એક વાહન નથી, પરંતુ ચાલતી-ફરતી બ્લડ બેંક છે જે રક્તદાન પ્રક્રિયાને વધુ આધુનિક અને સુરક્ષિત બનાવશે.આ અત્યાધુનિક વાન અનેક રીતે દર્દીઓ અને હોસ્પિટલ તંત્ર માટે આશીર્વાદરૂપ સાબિત થશેઃ

આ વાન દ્વારા શહેરના છેવાડાના અને વંચિત વિસ્તારોમાં જઈને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરી શકાશે. જેના કારણે રક્ત એકત્રીકરણની પ્રક્રિયા સરળ બનશે અને ઈમરજન્સી સમયે લોહીની જરૂરિયાતને ઝડપથી પૂરી કરી શકાશે.બાળકોના આરોગ્યની વિશેષ કાળજી લેતા, હોસ્પિટલને (નિયોનેટલ) વેન્ટિલેટરનું પણ લોકાઅર્પણ કરવામાં આવ્યું હતું. આ વેન્ટિલેટર અત્યંત ગંભીર હાલતમાં રહેલા નવજાત શિશુઓને તાત્કાલિક જીવનરક્ષક સારવાર પૂરી પાડવામાં પથદર્શક સાબિત થશે. આ નવી સુવિધાઓ ગુજરાતની આરોગ્ય સેવાઓને વધુ સુલભ અને મજબૂત બનાવવાની સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. અત્યાધુનિક સાધનોના ઉમેરાથી સામાન્ય નાગરિકોને ઘર આંગણે શ્રેષ્ઠ સારવાર મળી રહેશે. આ લોકાર્પણ સમારોહમાં આરોગ્ય મંત્રી પ્રફુલ્લ પાનસેરિયા, આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ રાજીવ ટોપનો, સ્થાનિક ધારાસભ્ય, આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓ તેમજ સોલા સિવિલ હોસ્પિટલના તબીબો અને કર્મયોગીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે
મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી


## નવા વાડજના શ્રી સિદ્ધિવિનાયક મંદિરે બોર્ડના પરીક્ષાર્થીઓને દાદાના આશીર્વાદ રૂપે પેન વિતરણ કરાશે

અમદાવાદ : આગામી સમયમાં યોજાનારી ધોરણ-૧૦ (SSC) અને ધોરણ-૧૨ (HSC)ની બોર્ડની પરીક્ષાઓને અનુલક્ષીને, શહેરના નવા વાડજ વિસ્તારમાં આવેલા શ્રી સિદ્ધિવિનાયક મંદિર અને સિદ્ધિવિનાયક સેવા સંઘ દ્વારા વિદ્યાર્થીઓ માટે એક સુંદર પહેલ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ તણાવમુક્ત થઈને અને દાદાના આશીર્વાદ સાથે પરીક્ષા આપી શકે તે હેતુથી મંદિરે પેન વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, દર વર્ષની જેમ આ વર્ષે પણ સિદ્ધિવિનાયક સેવા સંઘ દ્વારા ધોરણ-૧૦ (SSC) અને ધોરણ-૧૨ (HSC)ની બોર્ડના પરીક્ષાર્થીઓ માટે ખાસ પૂજા કરાયેલ અને દાદાના આશીર્વાદ સાથે પરીક્ષા આપી શકે તે હેતુથી મંદિરે પેન વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે.સિદ્ધિવિનાયક સેવા સંઘ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, તારીખ ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૫, શુક્રવારથી આ વિતરણ કાર્યક્રમ શરૂ થશે. જે સમગ્ર પરીક્ષા દરમિયાન ચાલુ રહેશે. દાદાના આશીર્વાદ રૂપે આપવામાં આવતી આ પેન મેળવવા માટે દરેક વિદ્યાર્થીએ પોતાની પરીક્ષાની રિસીપ્ટ (હોલ ટિકિટ) સાથે લાવવાની રહેશે. સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું છે કે જ્યાં સુધી પરીક્ષાઓ ચાલશે ત્યાં સુધી વિદ્યાર્થીઓને પેન આપવામાં આવશે. આ ઉમદા કાર્યનો લાભ લેવા માટે આસપાસના વિસ્તારના વિદ્યાર્થીઓને અનુરોધ કરવામાં આવ્યો છે.

પેન વિતરણનો સમયઃ

રોજિંદા સમયઃ સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાક સુધી અને સાંજે ૫:૦૦ થી ૮:૦૦ કલાક સુધી.

મંગળવારઃ મંગળવારના પાવન દિવસે આખો દિવસ પેન વિતરણ કરવામાં આવશે.


શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર
પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.

ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો



100% PURE VEG
PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫

અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.




## ઐતિહાસિક ૮૭% થી વધુ સભ્યોની સંમતિ સાથે પ્રક્રિયા તેજ

# નારણપુરામાં 'આકાશગંગા એપાર્ટમેન્ટ'ના રિડેવલપમેન્ટનો માર્ગ મોકળો

### હાલમાં ૮૭% થી વધુ સભ્યોની સંમતિ, બાકીના સભ્યો પણ સૈદ્ધાંતિક રીતે સહમત છે, પરંતુ વારસાઈ કે વેચાણ ટ્રાન્સફરની પ્રક્રિયા બાકી હોવાથી તેમની સહીઓ પેન્ડિંગ છે, આગામી સમયમાં ૧૦૦% થાય એવી આશા : સ્થાનિક રહીશો

MIRCHI NEWS EXCLUSIVE MIRCHI NEWS

અમદાવાદ : શહેરના સોલા રોડ, નારણપુરા વિસ્તારમાં આવેલા અને ૧૯૮૮માં સ્થપાયેલા પ્રતિષ્ઠિત 'આકાશગંગા એપાર્ટમેન્ટ' ના રિડેવલપમેન્ટ માટેની પ્રક્રિયાએ વેગ પકડ્યો છે. તાજેતરમાં મળેલી જનરલ સભા અને સભ્યોના પ્રચંડ પ્રતિસાદ બાદ, સોસાયટીએ ગુજરાત હાઉસિંગ બોર્ડની ૨૦૧૬ની રિડેવલપમેન્ટ પોલિસી હેઠળ જરૂરી લાયકાત હાંસલ કરી લીધી છે અને તાજેતરમાં ગુજરાત હાઉસિંગ બોર્ડમાં જમા કરાવી રિડેવલપમેન્ટની પ્રક્રિયાનો પ્રારંભ કરાયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, આકાશગંગા એપાર્ટમેન્ટ એસોસિએશન દ્વારા જાહેર કરાયેલી વિગતો મુજબ, કુલ ૩૮૪ સભ્યોમાંથી ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં ૩૩૫ સભ્યોએ રિડેવલપમેન્ટ માટે લેખિત સંમતિ આપી દીધી છે. જે કુલ સભ્ય સંખ્યાના ૮૭.૨૪% જેટલી થાય છે. જ્યારે બાકીના સભ્યો પણ સૈદ્ધાંતિક રીતે સહમત છે, પરંતુ વારસાઈ કે વેચાણ ટ્રાન્સફરની પ્રક્રિયા બાકી હોવાથી તેમની સહીઓ પેન્ડિંગ છે. નોંધનીય છે કે, ૧૫ ડિસેમ્બર ૧૯૮૮ના પત્ર અનુસાર અહીંના ૧૫ ફ્લેટ દૂરદર્શનને ફાળવવામાં આવ્યા હતા. જો તેમની ગણતરી પણ સામેલ કરવામાં આવે તો સંમતિનો આંકડો ૯૧.૧૫% સુધી પહોંચે છે. વિદેશમાં વસતા સભ્યોએ પણ નોટરાઈઝ્ડ એફિડેવિટ દ્વારા પોતાની સંમતિ મોકલી આપી છે.આમ જોવા જઈએ તો કુલ ૮૭.૨૪% સંમતિ આગામી સમયમાં ૧૦૦% સુધી પહોંચી નવી ઐતિહાસિક સિદ્ધિ હાસિલ કરશે તેવી આશા સોસાયટીના રહીશો સેવી રહ્યા છે.

સોસાયટીના એક અગ્રણીના જણાવ્યા મુજબ, ચેરમેન સહિતના હોદ્દેદારોની આગેવાનીમાં તમામ રહીશો એકમત ધરાવે છે, તમામ રહીશો એસોસિયેશન સાથે છે, રિડેવલપમેન્ટની તમામ પ્રક્રિયા પારદર્શક રીતે શરૂ કરવામાં આવી છે, જે જાળવી રાખવામાં આવશે તો વિના વિઘ્ને સમગ્ર રિડેવલપમેન્ટની પ્રક્રિયા શાંતિપૂર્વક પાર પડશે. તમને જણાવી દઈએ કે નારણપુરામાં આવેલ આકાશગંગા એપાર્ટમેન્ટની વિશેષતા એ છે કે તેની સ્થાપના (૦૧.૦૪.૧૯૮૮) થી લઈને આજ સુધી તેનો ઉપયોગ માત્ર રહેણાંક હેતુ માટે જ કરવામાં આવ્યો છે. ૧૬ જાન્યુઆરી ૨૦૨૬ની જનરલ સભામાં સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો છે કે, રિડેવલપમેન્ટ બાદ પણ અહીં કોઈપણ પ્રકારની કોમર્શિયલ કે ધંધાકીય પ્રવૃત્તિને પરવાનગી આપવામાં આવશે નહીં, જેથી સોસાયટીનું શાંતિપૂર્ણ અને કૌટુંબિક વાતાવરણ જળવાઈ રહે.

આ ઉપરાંત સોસાયટીના સભ્યોએ પર્યાવરણ પ્રત્યે પણ પોતાની જાગૃતિ દર્શાવી છે. ૧૯૮૮-૯૦ દરમિયાન અહીં વાવવામાં આવેલા ૨૦૦થી વધુ વૃક્ષો આજે ઘટાદાર બની ગયા છે, જેના કારણે સોસાયટી અત્યંત રળિયામણી લાગે છે. રિડેવલપમેન્ટ પ્રક્રિયા દરમિયાન આ પર્યાવરણીય વારસાને નુકસાન ન પહોંચે અને વૃક્ષો જળવાઈ રહે, તેવી ખાસ ભલામણ સત્તાધીશોને કરવામાં આવી છે.

આ ઉપરાંત એસોસિએશને સત્તાધીશોને વિનંતી કરી છે કે ભૂતકાળમાં HP Cost અંગે થયેલા પત્રવ્યવહારને ધ્યાનમાં રાખીને, ભવિષ્યમાં રહીશોને મહત્તમ વળતર અને લાભ મળે તે દિશામાં નિર્ણય લેવામાં આવે. આમ, દાયકાઓ જૂની આ સોસાયટી હવે નવા રંગ-રૂપ સાથે આધુનિકતા તરફ ડગ માંડવા રિડેવલપમેન્ટ માટે સજ્જ છે.

## અમદાવાદમાં GHBના ફ્લેટોનું બદલાશે ભાગ્ય

# નારણપુરામાં શાસ્ત્રીનગરમાં રિડેવલપમેન્ટ બાદ નવા ફ્લેટનું સેમ્પલ હાઉસ ખુલ્લું મૂકાયું

અમદાવાદ : શહેરના નારણપુરા, સોલા સહિતના અનેક વિસ્તારોમાં હાઉસિંગ બોર્ડની સોસાયટીઓમાં રિડેવલપમેન્ટની કામગીરી ચાલી રહી છે, જેમાં ૧૦થી વધુ સોસાયટીઓ કન્સ્ટ્રકશન લેવલે હોવાનું જાણવા મળ્યું છે, ત્યારે નારણપુરા અને શાસ્ત્રીનગરમાં રિડેવલપમેન્ટ બાદ સપનાનું ઘર હવે આ સપનું સાકાર થઈ રહ્યું છે. હાઉસિંગ બોર્ડના રીડેવલપમેન્ટને લઈને ફેલાયેલી તમામ અફવાઓ અને મુંઝવણોનો હવે અંત આવ્યો છે. નારણપુરાના શાસ્ત્રીનગર M5 બ્લોકમાં રહેતા પરિવારો માટે ખુશીના સમાચાર છે. અહીં 'અનંતા હાઈટ્સ'ના નામે ગ્રાઉન્ડ બ્રેકિંગ આધુનિક પ્રોજેક્ટ શરૂ થઈ ચૂક્યો છે. જ્યાં પહેલા સાંકડા મકાનો હતા, ત્યાં હવે ગગનચુંબી ઈમારતો આકાર લઈ રહી છે. સૌથી મોટી વાત એ છે કે અહીં લાભાર્થીઓને ૧૪૦% કાર્પેટ એરિયા સાથેના આલીશાન ૩ BHK ફ્લેટ આપવામાં આવશે.

લોકોની મૂંઝવણ દૂર કરવા માટે ખાસ સેમ્પલ હાઉસ તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં ૩ BHK ફ્લેટમાં વિશાળ હોલ અને બેડરૂમને કારણે હવે સાંકડી જગ્યા ભૂતકાળ બનશે.આ ઉપરાંત આધુનિક સુવિધાઓ જેમ કે હાઈ-સ્પીડ લિફ્ટ, મોટું પાર્કિંગ અને બાળકો માટે પ્લે-એરિયા.સમગ્ર સોસાયટી CCTV અને સિક્યોરિટી ગાર્ડથી સજ્જ હશે.

"માત્ર નારણપુરામાં જ નહીં, પણ સમગ્ર અમદાવાદમાં આવી ૫૩ જેટલી સોસાયટીઓનું નવીનીકરણ થઈ રહ્યું છે. મેઘાણીનગરથી લઈને વાડજ સુધી, પ્રાઈમ લોકેશન પર આવેલી આ વસાહતો હવે શહેરની શાન વધારશે. ગુજરાત હાઉસિંગ બોર્ડની આ નીતિથી ન માત્ર મકાનમાલિકોને ફાયદો થશે, પણ શહેરના રિયલ એસ્ટેટ માર્કેટમાં પણ ભારે તેજી આવશે.






## ગુજરાતમાં શાળાઓને વારંવાર બોમ્બની ધમકીઓ

# શું આ સરકાર વિદ્યાર્થીઓની સુરક્ષા અને શિક્ષણ પ્રત્યે ગંભીર છે ખરા?

અમદાવાદ : ગુજરાતમાં શાળાઓને બોમ્બની ધમકીઓ મળવાનો સિલસિલો થંભવાનું નામ નથી લઈ રહ્યો. તાજેતરમાં અમદાવાદમાં ૨૫થી વધુ શાળાઓને 'ખાલિસ્તાન'ના નામે બોમ્બની ધમકીઓ મળી છે, જેના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભયનું વાતાવરણ ફેલાયું છે. આ પ્રકારની ઘટનાઓ છેલ્લા એક વર્ષથી વારંવાર બની રહી છે, પરંતુ સરકાર આ મુદ્દે માત્ર ખોખલા વચનો આપીને ચૂપ બેસી રહી છે. ત્યારે સવાલ થાય છે કે શું આ સરકાર વિદ્યાર્થીઓની સુરક્ષા અને શિક્ષણ પ્રત્યે ગંભીર છે ખરા?

એક અહેવાલ મુજબ, છેલ્લા છ મહિનામાં ગુજરાતમાં ૧૪થી વધુ વખત બોમ્બની ધમકીઓ મળી છે, જેમાં શાળાઓ ઉપરાંત હાઈકોર્ટ અને એરપોર્ટ પણ સામેલ છે. ડિસેમ્બર ૨૦૨૫માં અમદાવાદ અને ગાંધીનગરમાં લગભગ ૨૦ શાળાઓને ધમકીઓ મળી હતી, જેના કારણે વિદ્યાર્થીઓને સ્કુલેથી ઘરે મોકલવા પડ્યા અને વાલીઓમાં આતંક ફેલાયો. જાન્યુઆરી ૨૩, ૨૦૨૬ના રોજ પણ અમદાવાદની શાળાઓને ધમકીઓ મળી હતી, અને આજે ફરી એક વખત આ જ પુનરાવર્તન થયું છે. જુલાઈ ૨૦૨૫માં વડોદરાની શાળાઓને પણ આવી જ ધમકીઓ મળી હતી, જ્યાં RDXના ઉપયોગની વાત કરવામાં આવી હતી. આ ધમકીઓ મોટાભાગે ઈમેઈલ દ્વારા આવે છે અને તેને 'હોક્સ' જાહેર કરી દેવામાં આવે છે.

પરંતુ સૌથી મોટો પ્રશ્ન એ છે કે સરકારની સાયબર સુરક્ષા વ્યવસ્થા કેમ આને અટકાવી શકતી નથી? જો આ બધું માત્ર હોક્સ જ છે, તો સરકાર કેમ આ ઈમેઈલ્સના સ્ત્રોતને ટ્રેસ કરીને ગુનેગારોને પકડી શકતી નથી? આ બધું સરકારની અસમર્થતા અને બેદરકારીને સ્પષ્ટ કરે છે, જે ડિજિટલ ઇન્ડિયાની મોટી મોટી બડાઈયો તો મારે છે પરંતુ વારંવારની આ ઘટનાઓમાં કોઈ કડક કાર્યવાહી કરતી નથી, અને પરિણામે વિદ્યાર્થીઓ અને વાલીઓના જીવને જોખમમાં મૂકી રહી છે.

સરકારના પ્રવક્તા અને મંત્રીઓ માત્ર એટલું જ કહે છે કે 'સરકાર ગંભીર છે અને તપાસ કરી રહી છે'. પરંતુ વાસ્તવિકતા એ છે કે આ ધમકીઓના સ્ત્રોતને શોધી કાઢવામાં સરકાર સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે. છેલ્લા છ મહિનામાં ૧૪ હોક્સ મેઈલ્સથી સ્પષ્ટ થાય છે કે સાયબર સુરક્ષામાં મોટી ખામીઓ છે. કોઈ ફાયરવોલ નથી, સુરક્ષા તાલીમની અછત છે અને તપાસ એજન્સીઓની ક્ષમતા અપૂર્ણ છે. પોલીસ અને બોમ્બ સ્ક્વોડ તો તપાસ કરે છે, પરંતુ હજુ સુધી કોઈ પરિણામ નથી મળ્યા. આના કારણે વિદ્યાર્થીઓનું શિક્ષણ વારંવાર વિક્ષેપિત થાય છે, અને વાલીઓમાં અસુરક્ષાની લાગણી વધે છે.

ગુજરાત સરકાર, જે પોતાને 'મોડલ સ્ટેટ' કહે છે, તે આવી વારંવારની ધમકીઓને પણ રોકી શકતી નથી. નરેન્દ્ર મોદી સ્ટેડિયમને પણ ધમકી મળી હતી, પરંતુ કોઈ કાર્યવાહી થઈ નથી. આ બધું સરકારની પ્રાથમિકતાઓ પર સવાલ ઉઠાવે છે. ત્યારે પ્રશ્ન તો થવાનો કે શું વિકાસના નામે સુરક્ષાને અવગણવામાં આવી રહી છે?

આ ધમકીઓના કારણે શાળાઓને વારંવાર બંધ કરવી પડે છે, વિદ્યાર્થીઓને ઘરે મોકલવા પડે છે અને માતા-પિતા પરેશાન થાય છે. અમદાવાદમાં ઝેબાર સ્કૂલ, મહારાજા અગ્રસેન સ્કૂલ, ડીપીએસ બોપલ જેવી શાળાઓને ધમકીઓ મળી છે, જેના કારણે હજારો વિદ્યાર્થીઓ પ્રભાવિત થયા છે. આવી સ્થિતિમાં શિક્ષણની ગુણવત્તા કેવી રીતે જળવાઈ રહેશે? સરકારની આ બેદરકારી વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમત કરી રહી છે.

જો આમનુ આમ ચાલુ રહેશે તો ગુજરાતની શિક્ષણ વ્યવસ્થા અને જનતાનો વિશ્વાસ બંનેને મોટું નુકસાન થશે. આવી ધમકીઓને કારણે વિદ્યાર્થીઓના ભવિષ્ય પર અસર થઈ રહી છે, વાલીઓ પરેશાન છે પણ સરકારના પેટનું પાણી હલવાનુ નામ નથી લઈ રહ્યું. સરકારને હવે એટલુ કહી શકાય કે હવે જાગો અને થોડી ઘણી પણ શરમ બાકી હોય તો તમારી જવાબદારી નિભાવો.

## ટ્રાફિક જામથી સ્થાનિકો, વેપારીઓ અને વાહનચાલકો પરેશાન


# પશ્ચિમમાં વ્યસ્ત એવા સતાધાર જંક્શન પર ફલાયઓવરનું કામ મંથર ગતિએ..!!

અમદાવાદ : અમદાવાદના સતાધાર જંક્શન પર ચાલી રહેલા ફલાયઓવરનું કામ હજુ પણ મંથર ગતિએ ચાલી રહ્યું છે, જેના કારણે સ્થાનિકો, વેપારીઓ અને રોજિંદા વાહનચાલકોમાં ભારે રોષ અને અસંતોષ વ્યાપ્યો છે. આ ફલાયઓવર શહેરના પશ્ચિમ વિસ્તારમાં ગોતા, સોલા, થલતેજ, ઘાટલોડિયા અને ચાણક્યપુરી જેવા વિસ્તારોને જોડતો મહત્વપૂર્ણ કનેક્ટિવિટી પોઈન્ટ છે, પરંતુ ધીમી કામગીરી અને અપૂર્ણ ટ્રાફિક વ્યવસ્થાને કારણે રોજિંદો ટ્રાફિક જામ એક મોટી સમસ્યા બની ગયો છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાથ ધરાયેલ આ ચાર-લેન ફલાયઓવર પશ્ચિમ વિસ્તારમાં ગોતા, સોલા, થલતેજ, ઘાટલોડિયા અને ચાણક્યપુરી જેવા વિસ્તારોને જોડતો મહત્વપૂર્ણ કનેક્ટિવિટી પોઈન્ટ છે, ખાસ કરીને ઓફિસ અવર્સમાં ભારે ટ્રાફિક જામ સર્જાય છે, જેના કારણે સ્થાનિકો, વેપારીઓ અને રોજિંદા વાહનચાલકોમાં ભારે રોષ અને અસંતોષ વ્યાપ્યો છે.પ્રોજેક્ટની લંબાઈ આશરે ૯૭૫ મીટર છે, જ્યારે પહોળાઈ ૧૬.૫૦ મીટર છે. કુલ અંદાજિત ખર્ચ ૧૦૩.૬૩ કરોડ છે. આ ફલાયઓવર પૂર્ણ થતાં જ સતાધાર જંક્શન પરની ભીડમાં નોંધપાત્ર ઘટાડો થશે અને દરરોજ આશરે ૧.૫ લાખ વાહનચાલકોને સીધો ફાયદો થશે.

નવેમ્બર ૨૦૨૫ના અહેવાલ મુજબ પ્રોજેક્ટમાં ૮૫% ભૌતિક પ્રગતિ થઈ ચૂકી છે. ફાઉન્ડેશન, સબ-સ્ટ્રક્ચર અને સાઈડ સુપરસ્ટ્રક્ચરનું કામ પૂર્ણ થયું છે, જ્યારે ડેક સ્લેબ અને ચાણક્યપુરી વિસ્તારનું બાકીનું સુપરસ્ટ્રક્ચરનું કામ ચાલુ છે. AMCએ આ પ્રોજેક્ટને ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખ્યું હતું. આજની તારીખ (ફેબ્રુઆરી ૨૦૨૬)ને ધ્યાનમાં રાખતાં કામ છેલ્લા તબક્કામાં હોવું જોઈએ, પરંતુ આજની પરિસ્થિતિ જોતા હજુ પણ ધીમી ગતિ અને અસુવિધા ચાલુ છે.




Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.